# “મહાભારતમાં પરિણયના પ્રકારો”

સમાજની કોઇપણ વ્યવસ્થાને બરોબર સમજવી હોય તો તેના આંતરિક અને બાહ્યસ્વરૂપને સમજવાનો પ્રયત્ન કરવો પડે છે. સમાજનાં સ્વરૂપને સમજવા માટે તેમાં સંબંધો અને સગપણોને સમજવા પડે છે. સમાજનો પ્રત્યેક વ્યક્તિ જીવનપર્યન્ત જુદા જુદા લોકો સાથે કુટુંબ , લગ્ન કે સગપણ સંબંધોથી જોડાયેલી હોય છે. દરેક સમાજમાં આ વ્યવસ્થાઓ જોવા મળે છે.

સમાજને માન્ય અથવા કાયદાઓમા રહીને કરવામાં આવેલા સંબંધોને સમાન રકતસંબંધોથી જોડાયેલા સંબંધો કહેવાય. સામાજ વ્યવસ્થાને ટકાવી રાખવા માટે પરિણય જરૂરી છે. પરિણય-લગ્ન થી કુટુંબનો વિસ્તાર કરી શકાય છે. અને તે પરિણયો , લગ્નો સમાજની નીતિ નિયમોનુંસાર હોય છે. આમ વિશ્વની દરેક સંસ્કૃતિમાં લગ્ન સંસ્કાર જોવા મળે છે. આમ , સગપણસંબંધ વ્યવસ્થા સામાજિક આંતરક્રિયા દ્વારા નીચે મુજબના તારણો આપવામાં આવે છે.

- સગપણસંબંધીઓના સમૂહના સભ્યોના સમાન રકતસંબંધથી કે લગ્ન સંબંધથી જોડાયેલા સંબંધો હોય છે.
- સગપણ સંબંધોને સમાજની માન્યતા પ્રાપ્ત થયેલી હોય છે.
- સગપણ સંબંધીઓ વંશીય બંધનોથી જોડાયલી હોય છે.
- સગપણ સંબંધોથી સભ્યોને ચોકકસ દરજ્જો અને ભૂમિકા મુજબ વર્તન કરવાનું હોય છે. તેમાં હકક અને ફરજ જોડાયેલા હોય છે.
- સગપણ સંબંધોના વર્તનોને સમાજના રિવાજો અંકુશિત કરે છે.
- સગપણ સંબંધોની વ્યવસ્થા લોકોને પરસ્પર ધનિષ્ઠ રીતે જોડતી સાર્વત્રીક સમાજ માન્ય સંબંધોની માન્યતા છે. [૧]

પુરૂષ અને સ્ત્રીનો સંબંધ ખૂબ જ પ્રાચીન કાળથી સાશ્વત રૂપે ચાલતો આવ્યો છે.જયારથી લગ્ન સંસ્થા અસ્તિત્વમાં આવી તે પહેલાં પણ સ્ત્રીઓ અને પુરૂષો વચ્ચે અનિયંત્રીત જાતીય સંબંધો પ્રવર્તતા હોવાનું માનવામાં આવે છે. જાયારથી બંને વચ્ચેનો લગન સંબંધ અસ્તિત્વમાં આવ્યો ત્યારથી સ્ત્રીને પુરૂષની અર્ધાંગિની માનવામાં આવી છે.

અને પ્રત્યેક કૌટુંબીક કાર્યમાં બંને હંમેશા એકબીજાની સાથે રહેવા પ્રયત્ન કરે છે. વિભિન્ન દેશો અને સમાજોમાં લગ્નના સ્વરૂપમાં સ્ત્રી-પુરૂષનો સંબંધ જુદા-જુદા સ્વરૂપે જોવા મળ્યો છે. પશ્ચિમના સમાજમાં લગ્નને સમજુતી માનવામાં આવે છે.

ભારતમાં લગ્નને ધાર્મિક સંસ્કાર માનવામાં આવે છે.મુસ્લિમોમાં કરાર ના સ્વરૂપે સ્વીકારવામાં આવે છે. તો અમૂક સમાજમાં માત્ર કાનૂની સંબંધ જ ગણાય છે. સમાજશાસ્ત્રીય વિચારકોની દ્રષ્ટિએ લગ્ન એક કે વધુ પુરૂષોનો , એક કે વધુ સ્ત્રીઓ સાથેનો સમાજમાન્ય જાતીય અને સામાજીક સંબંધ છે. લગ્ન સંબંધ ઔપચારિક અને સમગ્ર જીવન પર્યંત ચાલે છે. સ્ત્રી-પુરૂષ વચ્ચેના લગ્નને સમાજની સ્વીકૃતિ પ્રાપ્ત થાય તે આશયથી દરેક સમાજમાં લગ્ન વિશેની નકકી કરેલી વિધિ જોવા મળે છે.

## લગ્નનો અર્થઃ

ભારતીય સમાજમાં હિન્દુ સંસ્કૃતિ અનુસાર ૧૬ સંસ્કારોની વિધિ કરવામાં આવે છે. તેમા લગ્ન સંસ્કારનો પણ સમાવેશ થાય છે. જુદા-જુદા સમાજચિંતકોએ લગ્નની પરિભાવના આપી છે.

## ૧. મેલિનોવ્સ્કીઃ

" લગ્ન કેવળ યૌન સંબંધ માત્ર નથી. આ જટિલ સ્થિતિઓ ઉપર આધારિત સંસ્થાછે. જેમાં યૌન સંબંધ તેનું કોઇ મુખ્યપાસું પણ નથી" [૨]

## ૨. ભગવદ્ ગોમંડલ :-

ભગવદ્ ગોમંડલ અનુસાર પરિણય એટલે વિવાહ , લગ્ન. [3]

**૩. ભગવદ્ ગોમંડલ:-** વર કન્યાએ પતિ પત્ની તરીકે સાથે રહેવાનો શા સ્ત્રાનુસાર વિધિ કરવો તે.

## ૪. વેસ્ટર માર્ક :-

“લગ્ન એક કે વધારે પુરૂષોનો એક કે વધારે સ્ત્રીઓ સાથેનો સંબંધ છે જેનો સમાજના રિવાજ અથવા કાયદા દ્વારા માન્ય કરાયેલ પદ્ધતિથી સ્વીકાર થયો હોય છે. આ પ્રકારના સંબંધમાં લગ્ન કરનાર વ્યક્તિઓ તેમનાં ભાવિ સંતાનોના કેટલાક હકકો અને ફરજો ની જવાબદારીનો સ્વીકાર કરીને જાતીય અને સામાજીક સંબંધથી જોડાય છે તેને લગ્ન કહેવામાં આવે છે. [૫]

વિશ્વના દરેક સમાજમાં દેશકાળની સંસ્કૃતિ અને સામાજિક પ્રથાઓ મુજબ લગ્નનાં સ્વરૂપો જુદાં જુદાં જોવા મળે છે. અન્ય સમાજોને બાદ કરીને હિંદુ સમાજ પૂરતી વાત કરીએ તો તેમાં લગ્ન વિના ધર્મ , અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થો પૂરા થઇ શકતા નથી. આ પુરૂષાર્થોની પ્રાપ્તિમાં સ્ત્રી-પુરૂષે લગન કરવું અનિવાર્ય છે. લગ્ન વિના પુરૂષ અપવિત્ર અને અપુર્ણ ગણાય છે.

## હિન્દુ લગ્નનાં હેતુઓ

દરેક હિન્દુ સમાજના વ્યક્તિ માટે લગ્ન કરવા અનિવાર્ય છે. પરણિત્ પુરૂષ જ સમાજનાં ધાર્મિક કાર્યો પુરા કરી શકે છે. હિન્દુ સમાજમાં પત્ની વિના યજ્ઞ , ધાર્મિક કાર્યો વગેરે ન થઇ શકે. હિન્દુ સમાજમાં લગ્નને ગૃહસ્થાશ્રમનું પ્રવેશ દ્વાર કહ્યું છે. ગૃહસ્થાશ્રમમાં ધર્મ અનુસાર અર્થ તથા કામને પુર્ણ કરીને વ્યક્તિ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ , સંતાનો પ્રાપ્તિ , વિભિન્ન ધાર્મિક ક્રિયાઓ અને સંસ્કારોને પૂરાં કરવા વિભિન્ન ઋણુ માંથી મુકત થવા માટે પ્રત્યેક હિન્દુએ લગ્ન કરવું અનિવાર્ય છે. આમ લગ્ન એક સામાજિક સાંસ્કૃતિક ઘટના તરીકે સાર્વત્રિક રીતે અસ્તિત્વ ધરાવે છે. [૬]

હિન્દુ ધર્મશાસ્ત્રો અનુસાર હિન્દુ લગ્નનાં ત્રણમુખ્ય ઉદ્દેશ માનવામાં આવે છે.

૧. ધર્મ અર્થાત ધાર્મિક કાર્યો કરવાં

૨. પ્રજા અથવા સંતાનો ત્પત્તિ

૩. રતિ આનંદ [૭]

મહાભારતમાં પરણિય વિશે રસપ્રદ માહિતી આપી છે. ભારતીય સમાજમાં દરેક કુટુંબમાં લગ્ન વિશેના જુદા-જુદા પ્રકારો જોવા મળે છે. મહાભારતમાં લગ્ન , પરણિય તથા કેવા લોકો સાથે કન્યાના લગ્ન કરવા જોઇએ તેના વિશે પણ સરસ મજાની માહિતી આપી છે.

## મહાભારતમાં દર્શાવેલા પરણિયનાં પ્રકારો

૧. બ્રહ્મ વિવાહ

૨. ક્ષાત્ર વિવાહ

૩. ગાન્ધર્વ વિવાહ

૪. આસુર વિવાહ

૫. રાક્ષસ વિવાહ

## ૧. બ્રહ્મ-વિવાહઃ

સારા લોકોએ પહેલા વરનો સ્વભાવ , તેનું આચરણ, વિદ્યા, કુળ-મર્યાદા અને તેના કાર્યોની તપાસ કરવી જોઇએ અને પછી તેનું આચરણ સારું લાગે તો તેવા પુરૂષની સાથે કન્યાનાં લગ્ન કરવા તે ઉત્તમ બ્રાહ્મણોનો ધર્મ બ્રહ્મ વિવાહ છે.

## ૨.ક્ષાત્ર વિવાહઃ

જે દહેજ આદિ દ્વારા વરને અનુકુળ કરીને કન્યાદાન કરવામાં આવે છે , તે શ્રેષ્ઠ ક્ષત્રિયોનો સનાતન ધર્મ ક્ષાત્ર વિવાહ કહેવાય છે.

## ૩. ગાંધર્વ વિવાહ

પોતાના માતા-પિતાના પસંદ કરેલા વરને છોડીને કન્યા જેને પસંદ કરતી હોય , તથા જે કન્યાને ચાહતો હોય એવા વર સાથે કન્યાંના લગ્ન કરવા તેને વેદ વેતાઓ દ્વારા ગાંધર્વ વિવાહ કહેવામાં આવ્યો છે.

## ૪. આસુર વિવાહઃ

કન્યાનાં બંધુ-બાંધવોને લોભમાં નાખીને ઘણું ધન આપીને જે કન્યાને ખરીદવામાં આવે છે તેને મનીષી પુરૂષો અસુરોનો ધર્મ આસુર વિવાહ કહે છે.

## ૫. રાક્ષસ વિવાહઃ

કન્યાના પિતૃપક્ષનાં લોકોને મારીને તેમનાં મસ્તક કાપીને વિલાપ કરતી કન્યાને ઘરમાંથી જબરજસ્તી પકડી લઇ જવી એ રાક્ષસોનું કામ રાક્ષસ વિવાહ છે.

આ પાંચ બ્રહ્મ , ક્ષાત્ર, ગાન્ધર્વ આસુર અને રાક્ષસ લગ્નોમાંથી પહેલાં ત્રણ લગ્નનો ધર્માનુકૂળ છે અને શેષ બે પાપમય છે. આમાંથી આસુર વિવાહ અને રાક્ષસ પ્રકારના બન્ને વિવાહ ને કયારેય કરવા જોઇએ નહી.

કન્યાના પરિવારના લોકો કન્યાને ધર્મ પૂર્વક પાણિગ્રહની વિધિથી દાન કરી દે છે તે કન્યા સાથે ધર્મ-પૂર્વક લગ્ન કરનાર અથવા કિંમત આપીને ખરીદનાર જો પોતાને ઘેર લઇ જાય તો તેમાં કોઇ પ્રકારનો દોષ નથી. કન્યાના પરિવારના લોકોની અનુમતિ મળી ગયા પછી વિવાહના મંત્રો અને હોમનો પ્રયોગ કરવો જોઇએ ત્યારે જ તે મંત્ર સફળ બને છે. સગા-વ્હાલાઓનું સમર્થન પણ તેમા એટલું જ મહત્વનું છે.

આમ , વિશ્વની દરેક સંસ્કૃતિમાં પરિણયના ભિન્ન ભિન્ન પ્રકારો જોવા મળે છે. દરેક સમાજમાં લગ્ન પાછળનું અલગ-અલગ કારણ જોવા મળે છે. પરંતુ ભારતીય સાંસ્કૃતિક પરંપરા અનુસાર લગ્ન એટલે સંસ્કૃતિ અને ધર્મને ટકાવવા માટેનો આવશ્યક સંસ્કાર છે.

પ્રા. અમરકુમાર એમ.સેવરા

શોધછાત્ર- Ph.D.

## સંદર્ભગ્રંથ સૂચિ


૧. લગ્ન , કુટુંબ અને સગપણ સંબંધો

- લેખકઃ ડો.અનિલ એસ.વાઘેલા,

યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ-૬

૨. એજન , પૃષ્ઠ – ૩૦

૩. ભગવદ્ ગોમંડલ

-કર્તા ભગવતસિંહજી,

- પ્રવીણ પ્રકાશન પ્રા.લિ.

વર્ષ, ડિસેમ્બર ૨૦૦૭

૪. એજન – વર્ષ, ડિસેમ્બર ૨૦૦૭

૫. લગ્ન ,કુટુંબ અને સગપણ સંબંધો

- લેખકઃ ડો.અનિલ એસ.વાઘેલા,

યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ-૬

પ્રથમ આવૃતિ વર્ષઃ ૨૦૦૫

૬. લગ્ન , કુટુંબ અને સગપણ – સંબંધો

- લેખકોઃ પ્રો. એ.જી.શાહ ,

- પ્રો. જગદીશ કે.દવે ,

પ્રકાશક – અનડા બૂક ડીપો,

અમદાવાદ , વર્ષ ૨૦૦૨/૩

૭. એજન પૃષ્ઠ – ૩૨

૮. સંક્ષિપ્ત મહાભારત – સમ્પાદક, જયદયાલ ગોયન્દકા

(બીજોભાગ)

ગીતા પ્રેસ ગોરખપુર સં.૨૦૬૭ ,પૃ.૭૦૮